# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## *નગર વિકાસ ખાતુ*

"ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૬ તથા
બોમ્બે પ્રોવેન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ જોગવાઈઓ મુજબ"



TDO
A.M.C.

**નામ :** રામી અમીતકુમાર ભીખુભાઈ

**સરનામુ :** ૨૦૩, એમ્બીયન્સ આર્કેડ,
ફતેહપુરા પોલીસ ચોકી પાસે,
પાલડી,અમદાવાદ -૩૮૦૦૦૭.

**ને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં**

**એન્જીનિયર**

**તરીકે કામ કરવા આ લાયસન્સ આપવામાં આવે છે.**

લાયસન્સ નંબર : **ER 0098290721R$_3$**

લાયસન્સ ઈસ્યુ થયેલ તારીખ : **05/07/2016**

લાયસન્સદરે જી.ડી.સી.આર. માં નક્કી કરેલી જવાબદારીઓ પાળવાની રહેશે. તેમાં કસુર કરતાં લાયસન્સ રદ કરવામાં આવશે. વખતોવખત સક્ષમસત્તા દ્વારા નક્કી કરવામાં/જાહેર કરવામાં આવતા બાંધકામને લગતા નિયમો, વિનિમય, શરતો, જવાબદારીઓ લાયસન્સદારે પાળવાની રહેશે. આ ઉપરાંત આ લાયસન્સ નીચેની શરતોએ આપવામાં આવે છે.

(૧) નવા લાયસન્સની મુદત જે તારીખે લાયસન્સ ઈસ્યુ થાય તે તારીખથી પાંચ વર્ષની ગણવામાં આવશે. રીન્યુઅલ લાયસન્સના કેસમાં નંબરના છેલ્લા છ અંક વેલીડીટીની તારીખ દર્શાવે છે. દા.ત. **030918** એટલેકે **3-9-2018** સુધી સદર લાયસન્સ માન્ય રહેશે.

(૨) લાયસન્સની મુદત પુરી થવાની હોય તે તારીખથી બે માસ (૬૦ દિવસ) પહેલા લાયસન્સ રીન્યુ કરવા માટે નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે.

(૩) લાયસન્સની મુદત પુરી થાય તે પહેલા નિયત સમયમાં રીન્યુ અરજી ન કરવામાં આવે તો લાયસન્સની મુદત પુરી થયા બાદ તેઓના પ્લાન સ્વીકારવામાં આવશે નહી.

(૪) લાયસન્સની મુદત પુરી થયા તારીખથી ત્રણ માસ (૯૦ દિવસ) સુધી જ રીન્યુઅલ માટે મુકરર અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે. ત્યારબાદ લાયસન્સ રદ ગણાશે.

(૫) લાયસન્સ ફી તથા રીન્યુઅલ ફી વિગેરે નિયત દર મુજબ દરેક લાયસન્સની અલગ અલગ ભરવાની રહેશે.

(૬) નવા ઈસ્યુ કરવામાં આવનાર લાયસન્સની જે તારીખે લાયસન્સ ફી ભરાયેલ હોય તે તારીખને લાયસન્સ ઈસ્યુ કર્યા તારીખ ગણાશે.

(૭) લાયસન્સ ધારકે વિકાસ પરવાનગીના પ્લાન રજુ કરતી વખતે લાયસન્સ, પ્લાન સ્વીકારનાર અધિકારી જોવા માગે તો બતાવવું તથા વિકાસ પરવાનગીના પ્લાન રજુ કરતા જે જે લાયસન્સ ધારકોએ પ્લાનમાં સહીઓ કરેલ હોય, તે તમામની લાયસન્સોની ઝેરોક્ષ કોપીઓ તેમજ પાસપોર્ટ સાઈઝના તેઓના ફોટાઓ તેમની સહી તથા સીક્કા સાથેના સામેલ કરવાના રહેશે.

(૮) લાયસન્સ હોલ્ડરનું લાયસન્સ ખોવાઈ જાયતો અરજી કર્યેથી નગર વિકાસ અધિકારીની મંજુરીથી અંકે રૂા. ૫૦૦/- (રૂપીયા પાંચસો) ભર્યેથી તેઓને ડુપ્લીકેટ લાયસન્સ કાઢી આપવામાં આવશે.

(૯) કંપની/સંસ્થા/ભાગીદારી પેઢીના પ્રતિનિધિ તરીકે ડેવલપરનું લાયસન્સ લેવાના કિસ્સામાં પ્રતિનિધિ તરીકે વ્યક્તિગત ઉપરાંત જે તે સંબંધિત કંપની/સંસ્થા/ભાગીદારી પેઢીના પ્રોપરાઈટર/તમામપાર્ટનર્સ/તમામ પ્રમોટર્સની ડેવલપર તરીકે સંયુક્ત જવાબદારી રહેશે.

(૧૦) લાયસન્સ ઈસ્યુ કર્યેથી તમામ લાયસન્સદારોએ જી.ડી.સી.આર. મ્યુનિસિપલ બાયલોઝ, ટી.પી. રેગ્યુલેશનનું અક્ષરશઃ પાલન કરવાનું રહેશે.

(૧૧) જો મ્યુનિ. કોર્પોરેશનના ધ્યાન ઉપર જ્યારે પણ એવી માહિતીની ખબર પડે કે લાયસન્સદારે જી.ડી.સી.આર. તથા મ્યુનિસિપલ બાયલોઝ તથા ટી.પી. રેગ્યુલેશન તથા બી.પી.એમ.સી. એક્ટ વિરુદ્ધ બાંધકામ કરવા દીધેલ છે અથવા તો તેવા બાંધકામ સામે એમણે વાંધો લીધેલ નથી કે મ્યુનિ. કોર્પોરેશનને તે બાબતની જાણ કરી નથી, તો તે લાયસન્સદારનું લાયસન્સ આપોઆપ કોઈ પણ તક આપ્યા સિવાય રદ થઈ જશે અને તેવા લાયસન્સદારને રદ થયાથી પાંચ વર્ષ સુધી ફરી લાયસન્સ ઈસ્યુ કરવામાં આવશે નહિ.

(૧૨) ઉપર જણાવેલ કલમ(૧૦) અને (૧૧) પ્રમાણે જો કોઈ લાયસન્સ ભંગ કરશે તો તેની સામે ફોજદારી તેમજ દિવાની રાહે મ્યુનિસિપલ કોર્પોરેશન પગલા લઈ શકશે અને મ્યુનિ. કોર્પોરેશનને તેવા લાયસન્સદાર સામે વળતર માટે પણ દાવો કરવાનો હક રહેશે.

(૧૩) જી.ડી.સી.આર., ટી.પી. રેગ્યુલેશન, બી.પી.એમ.સી. એક્ટ અને બાયલોઝમાં જણાવેલ ફરજો તેમજ જવાબદારીઓનું પુરેપુરું પાલન કરવાનું રહેશે અને તે જી.ડી.સી.આર.ના આ બાબતે લગતા બધાજ નિયમો લાગુ પડશે.

તારીખ : 08/07/2016

ઉપરની શરતો મેં વાંચી છે જે મને કબુલ મંજુર છે અને તે મુજબ વર્તવાની હું ખાતરી આપું છું.

લાયસન્સદારની સહી

નગર વિકાસ અધિકારી